દાખલ થયા તા. ૦૭–૧૨–૨૦૧૯
રજી.લીધા તા. ૦૭–૧૨–૨૦૧૯
નિકાલ થયા તા. ૧૬–૦૧–૨૦૨૦
સમયગાળો : વર્ષ....માસ...દિવસ...

**અમદાવાદના મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૬, સમક્ષ.**

**<u>ક્રિ.પ.અ.નં. ૭૫૬૮/૨૦૧૯</u>**
આંક :

અરજદાર......................... રામહેત હરદયાલ કુશવાહ ઉ.વ. ૫૨
રહે. ૭, ક્રિષ્નાનગર, મધુવન સોસાયટીની
સામે, ઘોડાસર, અમદાવાદ

વિરુઘ્ઘ

સામાવાળા....................... રજીસ્ટ્રારશ્રી જન્મ મરણ નોધણી અધિકારી
અ.મ્યુ.કો. ગોળલીમડા, અમદાવાદ

બાબત :– જન્મ–મરણ અધિનિયમની કલમ ૧૩ (૩) મુજબ જન્મની નોધણીનો હુકમ મેળવવા બાબત..

અરજદાર તરફે :– વિ.વકીલશ્રી એમ.આઈ.કાઝી

સામાવાળા તરફે :– કોઈ નહી.

**<u>–:: ચુ કા દો ::–</u>**

૧. અરજદારે હાલની અરજી જન્મ–મરણ નોધણી અધિનિયમની કલમ ૧૩ (૩) હેઠળ તેમના પુત્ર નામે ''**શિવરામ**'' ના જન્મની નોધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમા એવી હકીકતો જણાવેલ છે કે, તેમના પુત્ર નામે શિવરામ રામહેત કુહવાહનો જન્મ તા. ૧૨–૦૮–૨૦૦૨ ના રોજ ૭, ક્રિષ્નાનગર, મધુવન સોસાયટીની સામે, ઘોડાસર, અમદાવાદ મુકામે થયેલ હતો અને જે તે વખતે તેઓની ભુલ અને શરતચુકના કારણે તેમના પુત્રના જન્મ

અંગેની નોધ જન્મ–મરણ નોધણી અન્વયે સામાવાળાના રેકર્ડમા કરાવવાની રહી ગયેલ છે, અને હાલે જન્મના દાખલાની જરુરત સરકારી અર્ધ–સરકારી કચેરીમા રજુ કરવા તેમજ પાસપોર્ટ/ડોમીસાઈલ સર્ટીફીકેટ મેળવવા માટે ઉપસ્થિત થતા હાલની અરજી તેમના પુત્રના જન્મની નોધ કરાવવા માટે આપેલી છે. અરજદારે અરજીમા તેમના પુત્રના જન્મની નીચે મુજબની વિગતો આપેલ છે.

| | |
|---|---|
| બાળકનું નામ :– | શિવરામ રામહેત કુશવાહ |
| જન્મ તારીખ :– | ૧૨–૦૮–૨૦૦૨ |
| જન્મ સ્થળ :– | ૭, ક્રિષ્નાનગર, મધુવન સોસાયટીની સામે, ઘોડાસર, અમદાવાદ |
| માતાનું નામ :– | ગુડ્ડીદેવી રામહેત કુશવાહ |
| પિતાનું નામ :– | રામહેત હરદયાલ કુશવાહ |

૨. ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે જન્મની નોધ કરાવવાની રહી ગયેલ હોઈ, તેથી સામાવાળા અરજદારના પુત્ર નામે શિવરામ રામહેત કુશવાહના જન્મની નોધ કરી જન્મનો દાખલો કાઢી આપે તેવી દાદ માંગેલ છે.

૩. આ અરજી દાખલ થતા અરજી રજીસ્ટરે નોધવામા આવેલ છે અને આ અરજી અરજદારના પુરાવા માટે રાખવામા આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**<u>અરજદાર તરફે રજુ થયેલ મૌખિક પુરાવાઓ ::–</u>**

| **અનુ.નં.** | **વિગત.** | **આંક** |
|---|---|---|
| ૧. | અરજદારની સરતપાસની એફીડેવીટ. | ૦૮ |
| ૨. | સાહેદ ગુડ્ડીદેવી રામહેત કુશવાહની સરતપાસની એફી. | ૦૯ |

| | | |
|---|---|---|
| ૩. | સાહેદ રામવરણ સિંહ જગદીશ કુશવાહની સરતપાસની એફી. | ૧૦ |
| ૪. | સાહેદ સુરેન્દ્ર રામરતનસિંહ કુહવાહની સરતપાસની એફી. | ૧૧ |

**<u>અરજદાર તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ ::</u>**

| | | |
|---|---|---|
| ૧. | અ.મ્યુ.કો.નું નો–રેકર્ડ સર્ટીફીકેટ. | ૦૪ |
| ૨. | સ્કુલ લીવીગ સર્ટીફીકેટની ખરીનકલ. | ૦૫ |
| ૩. | શાળાનો જી.આર. | ૦૭ |

અરજદારે આંક–૧૨ થી કલોઝીગ પુરશીશ રજુ કરેલ છે.

૪. આ અરજી ઈન્કવાયરી સ્વરૂપની હોઈ જેથી અરજદારે જે સરતપાસનું સોગંદનામું આપેલ છે તે પણ સી.આર.પી.સી.ની કલમ ૨૯૬ હેઠળ ગ્રાહ્ય હોઈ જેથી તેને ધ્યાને લેવામા આવેલ છે.

૫. આ કામે અરજદારના રજુ થયેલ પુરાવા જોતાં આંક–૪ થી રજુ થયેલ અ.મ્યુ.કો.નું નો–રેકર્ડ સર્ટીફીકેટ મુજબ અરજદારના પુત્રના જન્મની નોધણી સામાવાળાના રેકર્ડમા થયેલ નથી તેવું ફલીત થાય છે અને આ કામે આંક–૫ થી સ્કુલ લીવીગ સર્ટીફીકેટની ખરીનકલ અને આંક–૭ થી શાળાનો જી.આર. રજુ કરેલ છે અને તે દસ્તાવેજી પુરાવાથી પણ અરજદારના પુત્રનો જન્મ તા. ૧૨–૦૮–૨૦૦૨ ના રોજ થયેલ છે તેવું ફલીત થાય છે. આ કામે અરજદાર તથા અરજદારના સાહેદોના આંક–૮ થી આંક–૧૧ મુજબના સોગંદ પરના પુરાવાની હકીકતે પણ અરજદારના પુત્ર શિવરામ રામહેત કુશવાહનો જન્મ તા.૧૨–૦૮–૨૦૦૨ ના રોજ થયેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે તે સંજોગોમા આ અરજી મંજુર થવાને પાત્ર જણાતી હોઈ, ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

અરજદારની હાલની અરજી આથી **મંજુર** કરવામા આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામા આવે છે કે, અરજદારના પુત્રના જન્મની નીચે મુજબની વિગતો નોધી જરુરી લેઈટ ફી વસુલ લઈ અરજદારના પુત્રના જન્મની નોધ કરી જન્મનો દાખલો કાઢી આપવો.

| | |
|---|---|
| બાળકનું નામ :– | શિવરામ રામહેત કુશવાહ |
| જન્મ તારીખ :– | ૧૨–૦૮–૨૦૦૨ |
| જન્મ સ્થળ :– | ૭, ક્રિષ્નાનગર, મધુવન સોસાયટીની સામે, ઘોડાસર, અમદાવાદ |
| માતાનું નામ :– | ગુડ્ડીદેવી રામહેત કુશવાહ |
| પિતાનું નામ :– | રામહેત હરદયાલ કુશવાહ |

આ હુકમની યાદી સામાવાળાને કરવી.

આજરોજ તા. ૧૬ મી માહે જાન્યુઆરી સને ૨૦૨૦ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૧૬–૧–૨૦૨૦

( મયુરી ભાસ્કર ભાલીયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૬,અમદાવાદ
UNIC CODE NO. GJ-01476

JRRAVAL, PA